Letter No: UDUHD/0837/08/2023   Dt: 21-08-2023

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2022/7207/P Section સાથેનું એનેક્ષર**

# શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા- ૨૦૨૩

રાજ્યના શહેરી વિસ્તારમાંના રહેવાસીઓ રખડતા ઢોરની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. શહેરોમાં આસપાસ મુક્ત રીતે રખડતા ઢોર ગંભીર જોખમ બન્યા છે. ઘણાં લોકોએ જીવ ગુમાવ્યા છે અને રખડતા ઢોરથી થતા અકસ્માતોને કારણે ઘણાં લોકોને ઈજા પહોંચી છે. આ જોખમ કોઇ કલ્પના કરે તેનાથી વધારે ગંભીર છે. પશુઓ રસ્તાની વચ્ચે દોડતા હોય છે અને અચાનક રસ્તાની વચ્ચે આવવાથી અકસ્માત સર્જાતા હોવાના કારણે મુક્ત રીતે ફરતા ઢોર વાહનચાલકો માટે જોખમરૂપ છે. આ સમસ્યાને હળવી કરવા માટે, ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારોમાં, તેવા ઢોરના લાઇસન્સ આપવા અને તેનું નિયમન કરવા અથવા તેના પર પ્રતિબંધ મૂકવા, તેને રાખવા અને તેની હેરફેર માટે જોગવાઇ કરવા માટે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરી, શહેરી વિસ્તારમાં ઢોરને રાખવા અને તેની હેરફેરની પ્રવૃતિઓને નિયંત્રિત કરવાનું જરૂરી જણાયું છે.

મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં પશુઓનો ત્રાસ વધતો હોઈ જેના અટકાવ અને નિયમન માટે વધુ સઘન કાર્યવાહી કરવી જરૂરી છે. હાલ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયમન માટે રખડતા પશુઓ પકડવાની તથા નિયત થયેલ દંડ/ચાર્જ ભરેથી પશુ માલિકોને પરત સોંપવાની કાર્યવાહી સંબંધિત મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવે છે. પરિણામે પશુ માલિકો દંડ/ચાર્જ ભર્યા બાદ પશુઓને પુનઃ રખડતા મુકે છે અને આ પ્રક્રિયા સતત ચાલુ રહે છે. જેના પરિણામે પશુઓનો ત્રાસ અટકતો નથી અને નિયમન થતું નથી. આથી આ માટે ધી ગુજરાત પ્રોવિન્સિઅલ મ્યુનિસીપલ કોર્પોરેશન્સ એક્ટ ૧૯૪૯, ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૬૩ તેમજ નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ સંદર્ભે વખતોવખત આપેલા નિર્દેશો/સૂચનો ધ્યાને લઇને સઘન માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**મહાનગરપાલિકાના સી.એન.સી.ડી વિભાગ દ્વારા થતી કામગીરી:-**

શહેરમાં ઢોર રાખવા અંગે, રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા અંગે મહાનગરપાલિકાઓ દ્વારા ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ની વિવિધ કલમો અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત "સી.એન.સી.ડી." વિભાગ કાર્યરત કરી પશુઓની નોંધણી, જાહેરમાં ઘાસ વેચાણ પ્રવૃત્તિ બંધ કરવી, રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બે પુરવા, ઢોર ડબ્બાની જાળવણી, વિરોધ કરતા રોડ ઉપર રખડતા મૂકતા પશુ માલિક સામે પોલીસ ફરીયાદ વિગેરે કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**નગરપાલિકા દ્વારા થતી કામગીરી:-**

શહેરમાં ઢોર રાખવા અંગે, રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા અંગે નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની વિવિધ કલમો અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત "નોડલ અધિકારી" ની નિમણૂંક કરી આનુષાંગિક કામગીરી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈ મુજબ નગરપાલિકા દ્વારા કરવામાં આવે છે.

## ઢોર ત્રાસ અંકુશ માટેની હાલની કામગીરીના મુખ્ય મુદ્દાઓ :-

**મહાનગરપાલિકાઓ માટે:**

૧. લાયસન્સ અને પરમીટની કામગીરી.

૨. RFID ચીપ અને ટેગ પશુને લગાવવાની કામગીરી. (પશુદીઠ રૂ.૨૦૦/- ના ચાર્જ લઇને)

૩. પશુની RFID ચીપ તથા ટેગ નંબર દ્વારા પશુ માલિકની ઓળખ કરી તેની સામે પશુ રખડતું મૂકવા બદલ વિવિધ જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી.

૪. રખડતા ઢોર સી.એન.સી.ડી. વિભાગની ટીમ દ્વારા પકડી ઢોર ડબ્બા ખાતે મોકલવાની કામગીરી.

૫. સમાધાન શુલ્ક/દંડ વસૂલ કરી ઢોરને મુક્ત કરવાની કામગીરી.

૬. ઢોરના માલિકોને સમયાંતરે સમજણ આપી ઢોર રોડ ઉપર ન આવે તે અંગે IEC એક્ટીવિટી.

૭. ઢોર પકડવાની કામગીરીમાં અડચણરૂપ બનનાર શખ્સ સામે, ઢોર પાર્ટી પર હુમલો કરનાર શખ્સ સામે જાહેરનામા ભંગની ફરીયાદ કરી કાર્યવાહી.

૮. પકડાયેલા ઢોરને જો કોઇ વ્યક્તિ/પશુ માલિક છોડાવી ન જાય તો તેને પાંજરાપોળ હસ્તક સોંપવાની કામગીરી, ઢોર દીઠ ખાધા

ખોરાકીના નિયત ચાર્જ સાથે જીવદયા મંડળી અથવા અન્ય સંસ્થાને સોંપવાની કામગીરી.

૯. ઢોરવાડામાં રહેલ ઢોરોને જાળવવાની, ખોરાક પુરો પાડવાની, મેડીકલ ચેક-અપની કામગીરી.

**નગરપાલિકાઓ માટે:**

૧. રખડતા ઢોર સંબંધિત શાખા દ્વારા પકડી ઢોર ડબ્બા ખાતે મોકલવાની કામગીરી.

૨. સમાધાન શુલ્ક/દંડ વસૂલ કરી ઢોરને મુક્ત કરવાની કામગીરી.

૩. ઢોરના માલિકોને સમયાંતરે સમજણ આપી ઢોર રોડ ઉપર ન આવે તે અંગે IEC એક્ટીવિટી.

૪. ઢોર પકડવાની કામગીરીમાં અડચણરૂપ બનનાર શખ્સ સામે, ઢોર પાર્ટી પર હુમલો કરનાર શખ્સ સામે નગરપાલિકા અધિનિયમની કલમ – ૨૪૬/જાહેરનામા ભંગની ફરીયાદ કરી કાર્યવાહી.

૫. પકડાયેલા ઢોરને જો કોઇ વ્યક્તિ/પશુ માલિક છોડાવી ન જાય તો તેને પાંજરાપોળ હસ્તક સોંપવાની કામગીરી, ઢોર દીઠ જરૂરી ખાધા ખોરાકી ચાર્જ સાથે જીવદયા મંડળી તથા અન્ય સંસ્થાને સોંપવાની કામગીરી.

૬. ઢોરવાડામાં રહેલ ઢોરોને જાળવવાની, ખોરાક પુરો પાડવાની, મેડીકલ ચેક-અપની કામગીરી.

## સુચિત નવી માર્ગદર્શિકાના મુખ્ય મુદ્દાઓઃ-

- શહેરમાં જાહેર રોડ, રસ્તા, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર રખડતા ઢોર કોઇ સંજોગોમાં જોવા ન મળે તે અંગે તમામ ઘટતી કાર્યવાહી સુચિત નવી માર્ગદર્શિકા અંતર્ગત કરવાની રહેશે. તથા લાયસન્સ તથા પરવાના ધારક પશુ માલિકો પરમીટ-લાયસન્સની તમામ શરતો- જરૂરીયાતોનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

## A) પરમીટ તથા લાયસન્સઃ-

**મહાનગરપાલિકા**

**૧. પરમીટઃ-**

- જે પશુ માલિક વ્યક્તિગત રીતે પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખે તેણે સંબંધિત મહાનગરપાલિકામાંથી પશુ રાખવા અંગેની પરમીટ લેવાની રહેશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ-૨૨) તથા તે પરમીટ નિયત સમયે નક્કી થયા મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાની રહેશે. તથા પરમીટમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ ચેપ્ટર-૧૪, રૂલ-૨૩).

**૨. લાયસન્સઃ-**

- જે પશુ માલિકો પશુઓ રાખી પશુના દુધના વેચાણમાં અથવા પશુનો અન્ય રીતે વ્યવસાયિક ઉપયોગ કરતા હશે તેઓએ સંબંધિત મહાનગરપાલિકામાંથી પશુ રાખવા અંગે લાયસન્સ લેવાનુ રહેશે. તથા લાયસન્સ નિયત સમયે નક્કી થયા મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાનુ રહેશે. તથા લાયસન્સમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડનીય શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ-૨૩, ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ કલમ-૩૭૬, ૩૭૬(૧))
- પરમીટ - લાયસન્સ નો સમયગાળો લાયસન્સ મળ્યેથી ત્રણ વર્ષ માટેનો રહેશે જે અંગેની લાયસન્સ ફી ની રકમ રૂ.૫૦૦/- તથા પરમીટ ફી ની રકમ રૂ.૨૫૦/- ભરવાની રહેશે. ત્રણ વર્ષની મુદત પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા અરજી કરી રીન્યુઅલ ફી (લાયસન્સ માટે રૂ.૫૦૦/- તથા પરમીટ માટે રૂ.૨૫૦/-) ભરી લાયસન્સ-પરમીટ રીન્યુ કરાવવાની રહેશે. જેનો સમયગાળો પણ ત્રણ વર્ષનો રહેશે.
- જો મુદત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ ફી ભરે તો રૂ. ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી તરીકે ભરવાના રહેશે.
- દરેક પશુપાલકે પશુ દીઠ રૂ.૨૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. દર વર્ષે પરવાનો આપનાર અધિકારીએ વાર્ષિક ઇન્સપેક્શન કરી મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે. (ધી જી.પી.એમ.સી.. એક્ટ, ૧૯૪૯ કલમ- ૩૮૭(૨)(G,H))

ઇન્સ્પેકશન દરમ્યાન કોઇપણ પ્રકારનો નિયમ ભંગ જણાશે તો પરવાના-લાયસન્સ ધારક વિરુધ્ધ નિયમ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ કલમ ૩૮૬(૩) મુજબ ૩૭૮(૧) ની જોગવાઇને આધીન.)

- લાયસન્સ તથા પરમીટ માટે સંબંધિત વ્યક્તિઓ/પશુપાલકો ઓનલાઇન/સીટી સિવીક સેન્ટરમાં અરજી કરી શકે તે મુજબ સોફ્ટવેર ડેવલપ કરવાનુ રહેશે. જેમાં જરૂરી ડોક્યુમેન્ટસ સ્કેન કરી અરજી સાથે અપલોડ કરવાના રહેશે. અપલોડ થયેલ અરજીની યોગ્ય જરૂરી ચકાસણી કરી સંબંધિત અધિકારીએ લાયસન્સ/પરમીટ ઇસ્યુ કરવાની રહેશે. સોફ્ટવેર મારફતે જ સીટી

સિવીક સેન્ટર ઉપર/ઓનલાઇન લાયસન્સ ફી, પરમીટ ફી, રીન્યુઅલ ફી, લેટ ફી ભરી શકાય તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે, વધુમાં સદર સોફ્ટવેરને ઇ-નગર પોર્ટલ સાથે લીંક કરવાની આનુષાંગીક કામગીરી કરવાની રહેશે. (તા.૧૫/૦૯/૨૦૨૨ ના નામ. ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડરના પેરા નં.(૩) મુજબ)

પાંજરાપોળ, ગૌશાળા જેવી માન્ય સંસ્થાઓ જે પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ અથવા આ પ્રકારના કાયદા હેઠળ સરકાર માન્ય સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેમણે લાયસન્સ/પરમીટ મેળવવાની રહેશે. આવી સંસ્થાઓએ લાયસન્સ ફી/રીન્યુઅલ ફી/પરમીટ ફી માંથી મુકિત મેળવવા માટે અરજી કરી પુરાવા રજુ કર્યેથી સી.એન.સી.ડી. વિભાગ દ્વારા મ્યુનિ.કમિશનરની મંજૂરી મેળવી ફી માંથી મુકિત આપવાની રહેશે.

<u>નગરપાલિકા</u>

<u>(અ-વર્ગની નગરપાલિકા માટે)</u>

૧. **પરમીટઃ-**

- જે પશુ માલિક વ્યક્તિગત રીતે પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખે તેણે આ નગરપાલિકામાંથી પશુ રાખવા અંગેની પરમીટ લેવાની રહેશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭) તથા તે પરમીટ નિયત સમયે નક્કી થયા મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાની રહેશે. તથા પરમીટમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭).

૨. **લાયસન્સઃ-**

- જે પશુ માલિકો પશુઓ રાખી પશુના દુધના વેચાણમાં અથવા પશુનો અન્ય રીતે વ્યવસાયિક ઉપયોગ કરતા હશે તેઓએ આ નગરપાલિકામાંથી પશુ રાખવા અંગે લાયસન્સ લેવાનુ રહેશે. તથા લાયસન્સ નિયત સમયે નક્કી થયા મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાનુ રહેશે. તથા લાયસન્સમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડનીય શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭)
- પરમીટ-લાયસન્સ નો સમયગાળો લાયસન્સ મળ્યેથી ત્રણ વર્ષ માટેનો રહેશે જે અંગેની લાયસન્સ ફી ની રકમ રૂ.૫૦૦/- તથા પરમીટ ફી ની રકમ રૂ.૨૫૦/- ભરવાની રહેશે. ત્રણ વર્ષની મુદત પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા અરજી કરી રીન્યુઅલ ફી (લાયસન્સ માટે રૂ.૫૦૦/- તથા પરમીટ માટે રૂ.૨૫૦/-) ભરી લાયસન્સ-પરમીટ રીન્યુ કરાવવાની રહેશે. જેનો સમયગાળો પણ ત્રણ વર્ષનો રહેશે.
- જો મુદત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ ફી ભરે તો રૂ. ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી તરીકે ભરવાના રહેશે.
- દરેક પશુપાલકે પશુ દીઠ રૂ.૨૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે.

દર વર્ષે પરવાનો આપનાર અધિકારીએ વાર્ષિક ઇન્સપેક્શન કરી મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭)

ઇન્સ્પેક્શન દરમ્યાન કોઇપણ પ્રકારનો નિયમ ભંગ જણાશે તો પરવાના- લાયસન્સ ધારક વિરુધ્ધ નિયમ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. - (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭)

- લાયસન્સ તથા પરમીટ માટે સંબંધિત વ્યક્તિઓ/પશુપાલકો ઓનલાઇન/સીટી સિવીક સેન્ટરમાં અરજી કરી શકે તે મુજબ સોફટવેર ડેવલપ કરવાનુ રહેશે. જેમાં જરૂરી ડોક્યુમેન્ટસ સ્કેન કરી અરજી સાથે અપલોડ કરવાના રહેશે. અપલોડ થયેલ અરજીની યોગ્ય જરૂરી ચકાસણી કરી સંબંધિત અધિકારીએ લાયસન્સ/પરમીટ ઇસ્યુ કરવાની રહેશે. સોફટવેર મારફતે જ સીટી સિવીક સેન્ટર ઉપર/ઓનલાઇન લાયસન્સ ફી, પરમીટ ફી, રીન્યુઅલ ફી, લેટ ફી ભરી શકાય તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે, વધુમાં સદર સોફ્ટવેરને ઇ-નગર પોર્ટલ સાથે લીંક કરવાની આનુષાંગીક કામગીરી કરવાની રહેશે. (તા.૧૫/૦૯/૨૦૨૨ ના નામ. ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડરના પેરા નં.(૩) મુજબ)

પાંજરાપોળ, ગૌશાળા જેવી માન્ય સંસ્થાઓ જે પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ અથવા આ પ્રકારના કાયદા હેઠળ સરકાર માન્ય સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેમણે લાયસન્સ/પરમીટ મેળવવાની રહેશે. આવી સંસ્થાઓએ લાયસન્સ ફી/રીન્યુઅલ ફી/પરમીટ ફી માંથી મુકિત મેળવવા માટે અરજી કરી પુરાવા રજુ કર્યેથી સંબંધિત શાખા દ્વારા ચીફ ઓફીસરશ્રીની મંજૂરી મેળવી ફી માંથી મુકિત આપવાની રહેશે.

## <u>B) RFID ચીપ અને ટેગઃ-</u>

<u>મહાનગરપાલિકા:</u>

૧. **જગ્યા ધરાવતા પશુ માલિકો માટેઃ-**

- કોઇપણ પશુ શહેરની હદમાં લાવતા પૂર્વે મ્યુનિ.કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ-૨૨)
- જો કોઇ પશુપાલક શહેરની બહારથી નવા ઢોર લાવે તો તેમણે એક માસમાં પશુ નોંધણી કરાવી, RFID ચીપ અને ટેગ લગાડવાની તેમજ પરમીટ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. પશુઓને ઓળખી શકાય તે માટે શહેરમાં રહેલ દરેક પશુને RFID ચીપ અને ટેગ લગાડવાનું રહેશે. (ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ- ૨૨(૪))
- હાલમાં શહેરમાં રહેલા પશુઓ પૈકી જેને RFID ચીપ અને ટેગ લગાડવાનું બાકી છે. તેવા પશુઓને RFID ચીપ અને ટેગ લગાડવાની બાકી કામગીરી મહત્તમ ૨ માસમાં પશુ માલિક દ્વારા પશુ દીઠ રૂા.૨૦૦/- આપી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ બીજા ૨ માસ દરમ્યાન રૂા.૧૦૦૦/- પશુદીઠ ચાર્જ વસૂલ કરવામાં આવશે. માર્ગદર્શીકા અમલમાં મુક્યા તારીખથી કુલ ૪ માસ પછી જો કોઇપણ પશુને RFID ચીપ અને ટેગ લગાડવાનો બાકી હશે તો તેને પકડી ઢોર ડબ્બે પૂરવામાં આવશે અને તેને કોઇપણ સંજોગોમાં છોડવામાં આવશે નહી તથા આ પશુઓને શહેરની બહાર મોકલી દેવામાં આવશે. દરમ્યાન તેના માલિકની ઓળખ થશે તો માલિક વિરૂધ્ધ ધી જી.પી.એમ.સી. એક્ટ તથા આઇ.પી.સી. ની વિવિધ કલમ હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

**૨. જગ્યા ન ધરાવતા પશુ માલિકો માટે :-**

- હંગામી નોંધાયેલ પશુ માલિકોએ નિયત સમય (વધુમાં વધુ ૨ માસમાં) સ્વ ખર્ચે પશુને શહેરી હદથી દુર અન્યત્ર ખસેડી લેવાના રહેશે.

RFID ચીપ અને ટેગ ના કારણે પશુ માલિકની ઓળખ કરી નિયમના ઉલ્લંઘન માટે તેની સામે કાર્યવાહી કરવામાં આવતી હોઇ ઘણા પશુ માલિક દ્વારા RFID ચીપ અને ટેગ તોડી પાડવામાં આવે કે અકસ્માતે તૂટી જાય તેવા કિસ્સામાં રૂા.૫૦૦/- નો ચાર્જ વસૂલ કરી RFID ચીપ અને ટેગ લગાડવાની રહેશે.

**<u>નગરપાલિકા:</u>**

**૧. જગ્યા ધરાવતા પશુ માલિકો માટેઃ-**

- કોઇપણ પશુ શહેરની હદમાં લાવતા પૂર્વે ચીફ ઓફીસરશ્રીને જાણ કરવાની રહેશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭)

**"અ" વર્ગની નગરપાલિકા વિસ્તારમાં,**

- જો કોઇ પશુપાલક શહેરની બહારથી નવા ઢોર લાવે તો તેમણે RFID ચીપ અને ટેગ લગાડવાની તેમજ પરમીટ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. પશુઓને ઓળખી શકાય તે માટે શહેરમાં રહેલ દરેક પશુને RFID ચીપ અને ટેગ લગાડવાનું રહેશે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫(ચ),(જ) અને કલમ-૨૭૭)
- હાલમાં શહેરમાં રહેલા પશુઓ પૈકી જેને RFID ચીપ અને ટેગ લગાડવાનું બાકી છે. તેવા પશુઓને RFID ચીપ અને ટેગ લગાડવાની બાકી કામગીરી પશુ માલિક દ્વારા ફરજીયાતપણે કરાવી લેવાની રહેશે.

**૨. જગ્યા ન ધરાવતા પશુ માલિકો માટે :-**

- હંગામી નોંધાયેલ પશુ માલિકોએ સ્વ ખર્ચે પશુને શહેરી હદથી દુર અન્યત્ર ખસેડી લેવાના રહેશે.
- અ-વર્ગની નગરપાલિકામાં RFID ચીપ અને ટેગ ના કારણે પશુ માલિકની ઓળખ કરી નિયમના ઉલ્લંઘન માટે તેની સામે કાર્યવાહી કરવામાં આવતી હોઇ ઘણા પશુ માલિક દ્વારા RFID ચીપ અને ટેગ તોડી પાડવામાં આવે કે અકસ્માતે તૂટી જાય તેવા કિસ્સામાં RFID ચીપ અને ટેગ લગાડવાની રહેશે.
- બ, ક તથા ડ વર્ગની નગરપાલિકાઓ માટે નગરપાલિકા વિસ્તારમાં, રખડતાં ઢોર પકડવા માટે જરૂર જણાયે સબંધિત વિસ્તારના પશુપાલન નિયામકની કચેરી પાસેથી પશુઓના માલિકી હકની જાણકારી માટે જરૂરી રેકર્ડ મેળવી શકાશે.

## <u>C) De-Centralized Cattle pond:-</u>

**<u>મહાનગરપાલિકા:</u>**

- શહેરમાં થયેલ નોંધણીના આધારે ઝોન વાઇઝ કેટલા પશુ છે. તેની અંદાજીત માહિતી ઉપલબ્ધ છે. જે-તે ઝોનમાં રહેલ પશુની સંખ્યાના આધારે જે-તે ઝોનમાં જ નવા અત્યાધુનિક, સ્માર્ટ, વધુ સુવિધા યુક્ત કેટલ પોન્ડ બનાવવા જોઇએ જેથી ટ્રાન્સપોર્ટેશનનો સમય તથા ખર્ચ ઘટાડી શકાય. હયાત ઢોર ડબ્બા ઉપર ઢોરનું ભારણ ઘટાડી શકાય. કેટલા પશુએ એક પોન્ડ બનાવવી તે અંગે એક કમિટી બનાવી તે અંગે નિર્ણય કરવાનો રહશે. વખતોવખત આ બાબતની સમીક્ષા કરવાની રહેશે,
- નવા અત્યાધુનિક, સ્માર્ટ, વધુ સુવિધા યુક્ત કેટલ પોન્ડ અંગે ઉપલબ્ધ બજેટની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.

**નગરપાલિકા:**

- નવા અત્યાધુનિક, સ્માર્ટ, વધુ સુવિધા યુક્ત કેટલ પોન્ડ અંગે ઉપલબ્ધ બજેટની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.તે અંગે એક કમિટી બનાવી તે અંગે નિર્ણય કરવાનો રહેશે. વખતોવખત આ બાબતની સમીક્ષા કરવાની રહેશે. કમિટી નીચે મુજબ રહેશે.

| અ.નં. | અધિકારી | હોદ્દો |
|---|---|---|
| ૧. | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | ચીફ ઓફીસરશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩. | મામલતદારશ્રી | સભ્યશ્રી |
| ૪. | પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી | સભ્યશ્રી |
| ૫. | વેટરનરી ઓફીસરશ્રી | સભ્યશ્રી |
| ૬. | મદદનીશ ખેતી નિયામકશ્રી | સભ્યશ્રી |

## (D) લોકલ પોલીસ સ્ટેશનના સ્ટાફનો ટીમમાં સમાવેશઃ-

**મહાનગરપાલિકા:**

- મહાનગરપાલિકાઓના ઝોન, વોર્ડની હદ રેખા તથા પોલીસના ઝોન, પોલીસ સ્ટેશનની હદ રેખા અલગ અલગ છે. ક્ષેત્રીય કામગીરીમાં ઘણી વખત સ્થાનિક પશુ પાલકો સાથે ઘર્ષણ થતુ હોય છે. તે સમયે પશુને પકડવા માટે ઘણીવાર ૧૦૦ નંબર ડાયલ કરી લોકલ પોલીસ સ્ટેશનેથી પોલીસ બોલાવવી પડે છે. ત્યારબાદ પશુ પકડવાના રાઉન્ડ દરમ્યાન ઘણી વખત એક પોલીસ સ્ટેશની હદ પૂરી થઇ જાય છે અને અન્ય પોલીસ સ્ટેશનની હદ શરૂ થતી હોઇ પોલીસને ફરીથી બોલાવવી પડે છે. અને તેને કારણે કામગીરીને અસર થાય છે.
- રખડતા ઢોરોના નિયંત્રણ માટે મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી તરફથી રજૂઆત મળ્યેથી, પોલીસ કમિશનર વિસ્તારમાં ડી.સી.પી. કક્ષાના અધિકારી જ્યારે જિલ્લા કક્ષાએ નાયબ પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારી સ્થાનિક પરિસ્થિતિ અનુસાર જરૂરી પોલીસ બંદોબસ્ત પૂરો પાડશે. ફરિયાદ નોંધવાની થતી હોય તેવા કિસ્સામાં તેઓ મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીને સંપૂર્ણ સહકાર આપશે તથા મહાનગરપાલિકાના સ્ટાફ સાથે પુરતુ કોઓર્ડિનેશન કરીને રખડતા ઢોરોનું નિયંત્રણ થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

**નગરપાલિકા:**

- રખડતા ઢોરોના નિયંત્રણ માટે નગરપાલિકાના સંબંધિત અધિકારી તરફથી રજૂઆત મળ્યેથી, પોલીસ કમિશનર વિસ્તારમાં ડી.સી.પી. કક્ષાના અધિકારી જ્યારે જિલ્લા કક્ષાએ નાયબ પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારી સ્થાનિક પરિસ્થિતિ અનુસાર જરૂરી પોલીસ બંદોબસ્ત પૂરો પાડશે. ફરિયાદ નોંધવાની થતી હોય તેવા કિસ્સામાં તેઓ નગરપાલિકાના સંબંધિત અધિકારીને સંપૂર્ણ સહકાર આપશે તથા નગરપાલિકાના સ્ટાફ સાથે પુરતુ કો-ઓર્ડિનેશન કરીને રખડતા ઢોરોનું નિયંત્રણ થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

## E) ઢોર પકડવાની કે તેના ત્રાસને અંકુશમાં રાખવાની કામગીરીમાં ખલેલ પહોચાડનાર ઇસમો વિરૂધ્ધ સખત પગલા લેવાઃ-

- છેલ્લા ઘણા સમયથી ક્ષેત્રિય કામગીરી દરમ્યાન ઢોર પકડવાની કામગીરીમાં ઘણાબધા પશુ માલિકો કે અન્ય લોકો વિક્ષેપ કરી રહયા છે. તેઓ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની ટીમની આગળ બાઇકો લઇ ફરે છે અને પશુઓને રોડ પરથી ભગાડી દે છે અને મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની કામગીરીમાં વિક્ષેપ ઉભો કરે છે. વળી તેઓ રોડ ઉપરથી પશુઓને પકડતા અટકાવવા પશુને ગમે તેમ દોડાવે છે. જેના કારણે વાહન ચલાવનાર શહેરીજનો માટે અકસ્માતનુ મોટુ જોખમ ઉભુ થાય છે. જેના નિરાકરણ માટે,

  (૧) બાઇકર્સ ગેંગ સામે પોલીસ સ્ટાફ દ્વારા સંબંધિત કલમો અંતર્ગત પોલીસ કેસ દાખલ કરી કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.

  (૨) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓના વાહન ઉપર આધુનિક કેમેરા લગાવી તેના ફુટેજ સંબંધિત વિસ્તારના પોલીસ કંટ્રોલરૂમ ખાતે મળેથી તેના આધારે બાઇકર્સના વ્હીકલ નંબર ઓળખી સંબંધિત જે તે વાહન માલિકને ટ્રાફીક નિયમ ભંગ અંગે ઈ-ચલણ/ચલણ પાઠવી દંડની વસૂલાત તેમજ અન્ય સંબંધિત કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.

## F) ઘાસ વેચાણ માટે લાયસન્સ:-

- શહેરી વિસ્તારોમાં કોઇપણ વ્યકિતએ / સંસ્થાએ ઘાસ વેચાણ માટે પ્રવર્તમાન કાયદા / નિયમો અંતર્ગત લાયસન્સ / પરવાનગી મેળવવાનુ રહેશે તથા ઘાસ કયાંથી લાવ્યા, કોને વેચ્યુ તે તમામ બાબતોને લગતા રજીસ્ટ્રર / રેકર્ડ નિભાવવાના રહેશે.

## G) રોડ ઉપર ઘાસ વેચાણ - ખવડાવવાની પ્રવૃતિ બંધ કરવી. "Friends of Cattle"ની નવી યોજના:-

- વિવિધ તહેવારો, ધાર્મિક પ્રસંગો, રહેણી કરણી, રૂઢિગત માન્યતાઓને કારણે જીવદયા પ્રેમી જનતા દ્વારા પશુઓને જાહેરમાં ઘાસચારો ખવડાવવામાં આવે છે. તેને કારણે પશુ માલિકો/ઘાસ વેચનાર શખ્સો રોડ ઉપર ઘાસ લઇને વેચાણ માટે ઉભા રહે છે. તથા ઘાસ ખવડાવવા માટે તેઓ પશુઓને પણ રોડ ઉપર રાખે છે. જેના કારણે વાહનોની અવર જવર માટે રોડની પહોળાઇ ઓછી થઇ જાય છે. તેમજ અકસ્માતનો ભય રહે છે.
- ઉપરોક્ત સમસ્યાના નિવારણ અર્થે નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

1. કોઇપણ વ્યક્તિ શહેરમાં જાહેર સ્થળ, રોડ ઉપર, ફુટપાથ ઉપર કોઇપણ સંજોગોમાં ઘાસનું વેચાણ કરી શકશે નહિ. (તે અંગેનું જાહેરનામું/સૂચના સંબંધિત વિસ્તારના સક્ષમ સત્તાધિકારીના પરામર્શમાં રહીને પ્રસિદ્ધ થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.)
2. જાહેરમાં ઘાસ વેચાણ બદલ ઘાસચારો જપ્ત કરી જાહેરનામા ભંગની કાર્યવાહી કરવાની રહેશે.
3. "Friends of Cattle" જેવી યોજના ચાલુ કરી શકાશે. જે અંતર્ગત કોઇપણ વ્યક્તિ કોઇપણ સીટી સિવીક સેન્ટર ખાતે ઘાસચારા અંગે પૈસા જમા કરાવી પહોચ મેળવી શકશે. અને મહાનગરપાલિકા/નગરપાલિકાતે પૈસાનો ઉપયોગ પશુઓને ઘાસ ખવડાવવા માટે કરશે. આમ કરવાથી લોકોની ધાર્મિક લાગણી પણ સચવાશે અને રોડ ઉપર ઘાસ ખવડાવવા માટે પણ નહીં આવે તથામહાનગરપાલિકા/નગરપાલિકા ઉપર આર્થિક ભારણ પણ ઘટશે.
4. ધાર્મિક મહત્વના તહેવારના દિવસે શહેરીજનો ઢોર ડબ્બા ખાતે આવીને પણ ઢોરને ઘાસ ખવડાવી શકેતે મુજબનું આયોજન કરવાનું રહેશે.

## H) પશુઓને પકડવાની કામગીરી:-

**મહાનગરપાલિકા:**

- જે પણ પશુ માલિકો દ્વારા પશુઓ ઉપર ટેગ નિયત સમય મર્યાદામાં લગાડવાની પ્રક્રિયા નહી કરેલ હોય તેમના ઢોર જપ્ત કરવાની કાર્યવાહી કરવાની રહેશે. તથા દંડની કાર્યવાહી કરવાની રહેશે.
- જો પશુ રોડ, ફુટપાથ કે જાહેર સ્થળ પર રખડતા જોવા મળે તો તેમને પકડવાની કામગીરી કરવાની રહેશે.
- પશુઓને પકડવા માટે લો-બેડ ટ્રેલરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં પશુઓને શારીરીક રીતે ઇજા ન થાય તે માટે ખુણા, ધારી વાળી જગ્યાએ રબરના ડટ્ટા લગાડવાના રહેશે.

- સ્થાનિક પોલીસ દ્વારા મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની ટીમને જરૂરી બંદોબસ્ત પૂરો પાડવાનો રહેશે.

**નગરપાલિકા:**

- નગરની હદની અંદર કોઇ રસ્તા પર રખડતા અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરતાં મળી આવેલા કોઇ ઢોરને પકડવાની કામગીરી ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૬૩ અન્વયે નિયત કરવામાં આવ્યા મુજબ મુખ્યત્વે નગરપાલિકાના અધિકારી/કર્મચારીની રહેશે.

- પશુઓને પકડવા માટે લો-બેડ ટ્રેલરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં પશુઓને શારીરીક રીતે ઇજા ન થાય તે માટે ખુણા, ધારી વાળી જગ્યાએ રબરના ડટ્ટા લગાડવાના રહેશે.
- સ્થાનિક પોલીસ દ્વારા નગરપાલિકાના અધિકારી/કર્મચારીની ટીમને જરૂરી બંદોબસ્ત પૂરો પાડવાનો રહેશે.

## I) પશુ માલિકની જવાબદારી તથા તેમની સામે કાર્યવાહી:-

**મહાનગરપાલિકા**

- રખડતા પશુને કારણે નાગરીકોને ગંભીર ઇજા, નુકશાન થાય તો ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ની કલમો, પોલીસ

કમિશનર/જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

- રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુ માલિકની જ રહેશે.
- રખડતા પશુને કારણે નાગરીક/રાહદારીને જાન-માલનુ નુકશાન થાય તો તે અંગે સિવિલ/ફોજદારી રાહે માલિક સામે પગલા લઈ તેની પાસેથી વળતર/વસૂલાત/નુકસાની દાવા જેવી કાર્યવાહી કરી શકાશે.
- ગંભીર ઈજા/મૃત્યુ જેવા કિસ્સામાં કેટલુ નાણાકીય વળતર ચુકવવું તે અંગેની બાબતો નક્કી કરવાની આખરી સત્તા સબંધિત મહાનગરપાલિકાની રહેશે.

<u>નગરપાલિકા</u>

- રખડતા પશુને કારણે નાગરીકોને ગંભીર ઈજા, નુકશાન થાય તો ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો, પોલીસ કમિશનર/જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.
- રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુ માલિકની જ રહેશે.
- રખડતા પશુને કારણે નાગરીક/રાહદારીને જાન-માલનુ નુકશાન થાય તો તે અંગે સિવિલ/ફોજદારી રાહે માલિક સામે પગલા લઈ તેની પાસેથી વળતર/વસૂલાત/નુકસાની દાવા જેવી કાર્યવાહી કરી શકાશે.
- ગંભીર ઈજા/મૃત્યુ જેવા કિસ્સામાં કેટલુ નાણાકીય વળતર ચુકવવું તે અંગેની બાબતો નક્કી કરવાની આખરી સત્તા સબંધિત નગરપાલિકાની રહેશે.

## <u>J) પકડાયેલા ઢોર છોડવા અંગેની કાર્ય પદ્ધતિ:-</u>

<u>મહાનગરપાલિકા</u>

- નિયત સમય મર્યાદામાં નોંધણી નહિ કરાયેલ પશુઓને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહિ.
- પ્રથમ વખત RFID ચીપ અને ટેગ લગાડેલ પશુ હોય પણ કોઈ કારણોસર ટેગ તૂટી ગયેલ હોય/ તોડી નાખેલ હોય તો રૂા.૫૦૦/- નો ચાર્જ લઈ ફરીથી ટેગ લગાડી દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ વસૂલ કરી છોડવામાં આવશે.
- પકડાયેલાપશુ છોડાવવાનો દંડ/ ચાર્જનો દરઃ-

| અ.નં. | ઢોરની વિગત | દંડ (રૂપિયામાં) | ખોરાકી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) | વહીવટી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૧૦૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | ઉંટ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ગાય, ભેંસ, બળદ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ઘોડા | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ઘેંટા/બકરા | ૧૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૬ | ગધેડા | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦૦ |
| ૭ | પાડા/પાડી | ૨૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | ધાવતા વાછડા/ધાવતી વાછડી તથા ધાવતા પાડા/પાડી | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૯ | ડુક્કર (ભુંડ) | ૧૦૦૦ | ૨૦૦ | ૨૦૦ |

- પકડાયેલા પશુને છોડાવવાના દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ માં હાલ કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.
- જો ઢોર પ્રથમ વખત પકડાય તો ઉપર દર્શાવ્યા મુજબ દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ પકડાયેલ ઢોરને છોડવા માટે વસૂલ કરવાનો રહેશે.
- જો ઢોર બીજી વખત પકડાય તો દંડ દોઢ ગણો (૧.૫ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપર દર્શાવેલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ઢોર ત્રીજી વખત પકડાય તો દંડ બે ગણો (૨ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપર દર્શાવેલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ત્રણ વખત કરતા વધુ વખત ઢોર પકડાશે કે ત્રણ કે તેથી વધુ વખત એક જ માલિકના જુદા જુદા ઢોર પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે. અને ઢોર પરત આપવામાં આવશે નહિ. તથા પશુ માલિકનુ લાયસન્સ/પરમીટ રદ કરવામાં આવશે ત્યારબાદ તે વ્યક્તિ પશુ રાખી શકશે નહિ.
- ઉપરોક્ત દંડ-ચાર્જના દરમાં વખતો વખત સમીક્ષા કરી મ્યુનિ.કમિશનરશ્રી દર વધારી શકશે.

**<u>નગરપાલિકા</u>**

- પકડાયેલા પશુ છોડાવવાનો દંડ/ ચાર્જનો દરઃ-

| અ.નં. | ઢોરની વિગત | દંડ (રૂપિયામાં) | ખોરાકી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) | વહીવટી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૧૦૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | ઉંટ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ગાય, ભેંસ, બળદ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ઘોડા | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ઘેંટા/બકરા | ૧૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૬ | ગધેડા | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦૦ |
| ૭ | પાડા/પાડી | ૨૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | ધાવતા વાછડા/ધાવતી વાછડી તથા ધાવતા પાડા/પાડી | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૯ | ડુક્કર (ભુંડ) | ૧૦૦૦ | ૨૦૦ | ૨૦૦ |

- જો ઢોર પ્રથમ વખત પકડાય તો ઉપર દર્શાવ્યા મુજબ દંડ, ફી તથા ખર્ચ ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૨૪૦ અને ૨૪૩ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- અ-વર્ગની નગરપાલિકામાં જો ત્રણ વખત કરતા વધુ વખત ઢોર પકડાશે કે ત્રણ કે તેથી વધુ વખત એક જ માલિકના જુદા જુદા ઢોર પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે અને ઢોર પરત આપવામાં આવશે નહિ. તથા પશુ માલિકનુ લાયસન્સ/પરમીટ રદ કરવામાં આવશે ત્યારબાદ તે વ્યક્તિ પશુ રાખી શકશે નહિ.
- ઉપરોક્ત દંડ-ચાર્જના દરમાં વખતો વખત સમીક્ષા કરી પ્રાદેશિક કમિશ્નરશ્રી દર વધારી શકશે.

## <u>K) પશુ રાખવાની જગ્યાના દબાણો દુર કરવા - રોડ ફુટપાથ પર પશુ રાખવામાં આવતા હોય ત્યાંના દબાણો દુર કરવા:–</u>

**<u>મહાનગરપાલિકા</u>**

- નામદાર ગુજરાત હાઇકોર્ટના નિર્દેશનો મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા પશુઓ રાખવા માટે ભૂતકાળમાં ફાળવવામાં આવેલ પ્લોટ/જગ્યા ઉપર જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તેને દુર કરવા ધોરણસરની પ્રક્રિયા હાથ ધરી કાર્યવાહી કરવાની રહેશે. જેથી પશુ તેઓને ફળવાયેલ જગ્યામાં રહી શકે. અને પશુઓ રોડ પર આવતા અટકી જાય.સાર્વજનિક રસ્તામાં પશુને કોઇપણ સંજોગોમાં બાંધી/મૂકી શકાય નહિ. (ધી જી.પી.એમ.સી. એક્ટ કલમ-૨૩૩)
- રોડ ઉપર – ફુટપાથ ઉપર જે પણ હંગામી પ્રકારના શેડ બાંધકામ કરી પશુઓને રાખવામાં આવતા હોય તો તાત્કાલિક તે પ્રકારના દબાણ દુર કરવાની કામગીરી કરવાની રહેશે.
- જો કોઇ નવા હંગામી શેડ કરી પશુઓને રાખવામાં આવે તો તે દુર કરવા અંગે વહીવટી ચાર્જ એસ્ટેટ ખાતાએ લેવાનો રહેશે. વહીવટી ચાર્જ અંગેની વિગતો એસ્ટેટ વિભાગ દ્વારા તૈયાર કરી મ્યુનિ.કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

**<u>નગરપાલિકા</u>**

- નામદાર ગુજરાત હાઇકોર્ટના નિર્દેશનો મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા પશુઓ રાખવા માટે ભૂતકાળમાં ફાળવવામાં આવેલ પ્લોટ/જગ્યા ઉપર જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તેને દુર કરવા ધોરણસરની પ્રક્રિયા હાથ ધરી કાર્યવાહી કરવાની રહેશે. જેથી પશુ તેઓને ફળવાયેલ જગ્યામાં રહી શકે. અને પશુઓ રોડ પર આવતા અટકી જાય.સાર્વજનિક રસ્તામાં પશુને કોઇપણ સંજોગોમાં બાંધી/મૂકી શકાય નહિ. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૮૫)
- રોડ ઉપર – ફુટપાથ ઉપર જે પણ હંગામી પ્રકારના શેડ બાંધકામ કરી પશુઓને રાખવામાં આવતા હોય તો તાત્કાલિક તે પ્રકારના દબાણ દુર કરવાની કામગીરી કરવાની રહેશે.

- જો કોઈ નવા હંગામી શેડ કરી પશુઓને રાખવામાં આવે તો તે દુર કરવા અંગે વહીવટી ચાર્જ દબાણ શાખાએ લેવાનો રહેશે. વહીવટી ચાર્જ અંગેની વિગતો દબાણ શાખા દ્વારા તૈયાર કરી સક્ષમ સમિતિની મંજુરી મેળવવાની રહેશે.

## L) પશુઓને કારણે રોડ ઉપર ગંદકી થાય તો દંડ કરવા બાબતઃ-

**મહાનગરપાલિકા**

- રોડ ઉપર રખડતા ઢોર રોડ ઉપર પણ ગંદકી કરે છે. વધુમાં ઘાસ જ્યા રોડ ઉપર વેચાય ત્યાં ગંદકી થાય છે.
- ઘણી જગ્યાએ પશુ પાલકો રોડ ઉપર - ફુટપાથ ઉપર છાણા થાપીને ગંદકી કરતા હોય છે.
- આવા કિસ્સાઓમાં જાહેર સ્વાસ્થ્યને ધ્યાને લઈ પબ્લિક હેલ્થ બાયલોઝ/ધી જી.પી.એમ.સી.એક્ટ મુજબ વહીવટી ચાર્જ/દંડની કામગીરી કરવાની રહેશે. જે કિસ્સામાં વારંવાર ગંદકી થતી હોય તેવા કિસ્સામાં ભારે દંડ કરવાનો રહેશે.
- આ અંગે સંબંધિત મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા વહીવટી ચાર્જ - દંડ અંગેનું પત્રક બનાવી મ્યુનિ.કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

**નગરપાલિકા**

- રોડ ઉપર રખડતા ઢોર રોડ ઉપર પણ ગંદકી કરે છે. વધુમાં ઘાસ જ્યા રોડ ઉપર વેચાય ત્યાં ગંદકી થાય છે.
- ઘણી જગ્યાએ પશુ પાલકો રોડ ઉપર - ફુટપાથ ઉપર છાણા થાપીને ગંદકી કરતા હોય છે.
- આવા કિસ્સાઓમાં જાહેર સ્વાસ્થ્યને ધ્યાને લઈ પબ્લિક હેલ્થ બાયલોઝ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ મુજબ વહીવટી ચાર્જ/દંડની કામગીરી કરવાની રહેશે. જે કિસ્સામાં વારંવાર ગંદકી થતી હોય તેવા કિસ્સામાં ભારે દંડ કરવાનો રહેશે.

## M) નો કેટલ ઝોનની અમલવારીઃ-

**મહાનગરપાલિકા**

- ઢોરના વસવાટના સ્થળોની નોંધણીના આધારે નકશા ઉપર મેપીંગ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગે કરવાનુ રહેશે.

- ઢોરની જે તે સ્થળની સંખ્યા તથા શહેરના જે તે રોડ, વિસ્તારની અગત્યતાને ધ્યાને લઇ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા એક કમિટી બનાવી સમયાંતરે શહેરના જુદા જુદા સ્થળ/રોડ માટે નો કેટલ ઝોન તરીકે નક્કી કરવાની કામગીરી પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની થશે. મહાનગરપાલિકા હેઠળના વિસ્તારો પૈકી પોલીસ કમિશનરેટના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં પોલીસ કમિશનર દ્વારા જ્યારે અન્ય મહાનગરપાલિકા વિસ્તારોમાં સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવાનું થશે.

**નગરપાલિકા**

- ઢોરના વસવાટના સ્થળોની નોંધણીના આધારે નકશા ઉપર મેપીંગ નગરપાલિકા દ્વારા કરવાનુ રહેશે.
- ઢોરની જે તે સ્થળની સંખ્યા તથા શહેરના જે તે રોડ, વિસ્તારની અગત્યતાને ધ્યાને લઇ નગરપાલિકા દ્વારા એક કમિટી બનાવી સમયાંતરે શહેરના જુદા જુદા સ્થળ/રોડ માટેનો કેટલ ઝોન તરીકે નક્કી કરવાની કામગીરી પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની થશે. નગરપાલિકા વિસ્તારોમાં આ મુજબનું જાહેરનામું સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવાનું રહેશે.
- જેના કારણે પશુઓ જો નિયત નો કેટલ વિસ્તારમાં જોવા મળે તો તેને ઝડપથી પકડી શકાશે. તથા પશુ માલિકો તેઓની ઈચ્છા મુજબ ગમે ત્યાં છુટા મુકી શકશે નહિ. નો કેટલ ઝોનમાં ગમે તેમ પશુ રખડતા મુકવા બદલ જાહેરનામા ભંગની કાર્યવાહી કરવાની રહેશે. (જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અંતર્ગત).
- ઉપરોક્ત કામગીરી અ-વર્ગની નગરપાલિકાઓમાં ફરજીયાતપણે કરવાની રહેશે. પરંતુ અન્ય વર્ગની નગરપાલિકાઓમાં સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈ કામગીરી કરવાની રહેશે.

## N) જપ્ત કરેલ ઢોર તથા પશુ માલિકો દ્વારા નહિ છોડાવાયેલા ઢોર અંગેની કાર્યપધ્ધતિઃ-

**મહાનગરપાલિકા**

- સી.એન.સી.ડી. વિભાગ દ્વારા દૈનિક પકડવામા આવેલ પશુઓ પૈકી થોડાજ પશુઓને પશુ માલિકો દ્વારા દંડ/ચાર્જ ભરી

છોડવામાં આવે છે. જ્યારે બહોળી સંખ્યામાં ઢોર કોઇ છોડાવતુ ન હોઇ તેઓનેઢોર ડબ્બે રાખવામાં આવતા હોય છે.

- હાલમાં ઢોર ડબ્બાઓની ક્ષમતાને ધ્યાને લઇને કોર્પોરેશન દ્વારા પકડાયેલા ઢોરનો નિકાલ કરવાનો થાય જે અંતર્ગત નીચે જણાવેલ મુખ્ય ૫ મુદ્દા અંગે કામગીરી કરવાની રહેશે.

(૧) દુધાળા પશુઓને હરાજી મારફતે શહેરની બહાર મોકલવા.

(૨) જરૂરીયાતમંદ ખેડૂતને વાછરડા/બળદ આપવા.

(૩) જે પશુઓને પાંજરાપોળ લઈ જવા તૈયાર હોય ત્યાં મોકલવા.

(૪) એનિમલ હોસ્ટેલ બનાવી ઢોર ડબ્બાના પશુઓને શહેર બહાર મોકલવા.

(૫) બાકી રહેલ પશુઓને ઢોર ડબ્બા ખાતે રાખ રખાવ કરવા.

**(૧) દુધાળા પશુઓને હરાજી (Auction) મારફતે શહેરની બહાર મોકલવાઃ-**

- હરાજીથી ઢોર આપવા અંગેની જોગવાઇ સબંધિત મહાનગરપાલિકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કરવાની રહેશે.
- દુધાળા, ખેતીલાયક કે અન્ય રીતે ઉપયોગી પશુઓને શહેર બહારના ગામડાના લાભાર્થીને જાહેર હરાજીથી આપવાના રહેશે. જાહેર હરાજી અંગે બેઝ પ્રાઇઝ નક્કી કરવા એક કમિટીની રચના કરવાની રહેશે. જેમાં વેટરનરી ડોક્ટર, સેનીટરી સ્ટાફ તથા પશુપાલન વિભાગ/ગૌચર વિભાગ અને અન્ય જે મ્યુનિ.કમિશનર સુચવે તેવા બે સભ્યોની કમિટી બનાવવાની રહેશે. તેઓ બેઝ પ્રાઇઝ નક્કી કરવાના માપદંડ, હરાજી માટેની પારદર્શક પધ્ધતિ નક્કી કરી મ્યુનિ. કમિશનરશ્રીની મંજુરી મેળવી તે મુજબ કામગીરી કરશે. આ અંગેની વ્યવસ્થા-કો-ઓર્ડિનેશન સી.એન.સી.ડી. વિભાગ દ્વારા કરવાનું રહેશે.

**(૨) જરૂરીયાત મંદ ખેડૂતોને વાછરડા/બળદ આપવા (વિનામૂલ્યે/નિશ્ચિત મૂલ્યથી)**

- વિનામૂલ્યેઃ-

શહેરની હદથી ૫૦ કિ.મી દુરના ખાતેદારોને કે જે જમીન ધારણ કરતા હોય, ૭-૧૨, ૮અ માં નામ હોય તેવા કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા-ગૌચર વિભાગ વિગેરે સહકારી વિભાગ બોર્ડના પરિપત્ર મુજબ માન્ય અમલીકરણ એજન્સીઓને/એજન્સી મારફતે જરૂરીયાતમંદ ખેડુતોને વાછડા/બળદ વિગેરે પશુઓ તેઓના સ્વ ખર્ચે પરિવહન કરી સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

- નિશ્ચિત મૂલ્યથીઃ-

રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા- ગૌચર વિભાગ વિગેરે વિભાગો દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સંસ્થાને કેટલ પોન્ડમાંથી આવા પશુઓ લઇ જવાની, તેઓ કહે તે ખેડૂતોને નિયત ચાર્જથી પશુઓ સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

જે અંગેનો નિર્ણય હરાજી માટે (મુદ્દા નં. ૧) ઉપર સુચવ્યા મુજબ બનાવેલ કમિટી દ્વારા કરવાનો રહેશે.

**(૩) પશુઓને પાંજરાપોળ જેવી સંસ્થામાં મોકલવા.**

- જે પશુઓને પશુ માલિકો છોડાવી ને જાય તે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાના રહેશે. જે અંગેનો ખર્ચ સબંધિત મહાનગરપાલીકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કરવાનો રહેશે.જે ઢોરને હરાજીથી આપી શકાય તેવા ઢોરને હરાજીથી આપ્યા બાદ જ બાકી રહેતા ઢોર પાંજરાપોળ જેવી સંસ્થામાં આપવાના રહેશે.

**(૪) રાજ્ય સરકારશ્રી દ્વારા ગૌચરની જમીન ફાળવવામાં આવ્યા બાદ એનિમલ હોસ્ટેલ બનાવી ત્યાં પશુઓને મોકલવા.**

- મહાનગરપાલિકાઓ દ્વારા રાજ્ય સરકારશ્રીની મદદથી શહેરી હદથી દુરના વિસ્તારમાં ગૌચરની જમીન મળશે તે બાદ ત્યાં સરકારના સંબંધિત વિભાગની સહાયથી એનીમલ હોસ્ટેલ શરૂ કરવાનુ આયોજન કરવામાં આવશે. જે અંગે કોર્પોરેશન દ્વારા તેની કેપીટલ કોસ્ટ તથા તેના મરામત-નિભાવ અંગેના ખર્ચ માટે રાજ્ય સરકારની સંપૂર્ણ/આંશિક નાણાકીય મદદ મેળવી એનીમલ હોસ્ટેલ કાર્યરત કરવાની રહેશે. સદર એનિમલ હોસ્ટેલ સંપૂર્ણ સુવિધાયુક્ત, સ્વચ્છ અને આધુનિક ઢબે બનાવવામાં આવશે. કોર્પોરેશન દ્વારા ઢોર ડબ્બાના વધારાના ઢોર એનીમલ હોસ્ટેલ ખાતે મોકલી શકાશે. આ અંગેની કાર્ય પધ્ધતિ સી.એન.સી.ડી વિભાગ અભ્યાસ કરી અલગ થી રજુ કરશે. સી.એન.સી.ડી વિભાગ દ્વારા સરકારના સંબધિત વિભાગ સાથે સંકલન કરી ગ્રાંટ

મેળવવી તથા અન્ય કામ કરવાના રહેશે. સદર હોસ્ટેલના સંચાલન માટે રાજ્ય સરકારના પશુપાલન કે ગૌ-સેવા વિભાગ સાથે એમ.ઓ.યુ. કરી તેઓ મારફતે જાળવણી/રાખ-રખાવ થાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

<u>નગરપાલિકા</u>

- નગરપાલિકા દ્વારાગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૪૨ અંતર્ગત કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં કાર્યવાહી નીચેના મુદ્દા ધ્યાને રાખીને કરવાની રહેશે.

(૧) દુધાળા પશુઓને હરાજી મારફતે શહેરની બહાર મોકલવા.

(૨) જરૂરીયાતમંદ ખેડૂતને વાછરડા/બળદ આપવા.

(૩) જે પશુઓને પાંજરાપોળ લઈ જવા તૈયાર હોય ત્યાં મોકલવા.

(૪) એનિમલ હોસ્ટેલ બનાવી ઢોર ડબ્બાના પશુઓને શહેર બહાર મોકલવા.

(૫) બાકી રહેલ પશુઓને ઢોર ડબ્બા ખાતે રાખ રખાવ કરવા.

**(૧) દુધાળા પશુઓને હરાજી (Auction) મારફતે શહેરની બહાર મોકલવા:-**

- હરાજીથી ઢોર આપવા અંગે સક્ષમ સત્તાધિકારીની મંજુર થયેલ નિતી અન્વયે કાર્યવાહી કરવાની રહેશે.
- દુધાળા, ખેતીલાયક કે અન્ય રીતે ઉપયોગી પશુઓને શહેર બહારના ગામડાના લાભાર્થીને જાહેર હરાજીથી આપવાના રહેશે. જાહેર હરાજી અંગે બેઝ પ્રાઇઝ નક્કી કરવા એક કમિટીની રચના કરવાની રહેશે. જેમાં મુદ્દા નં. (C) માં રચાયેલ કમિટી નિર્ણય કરશે.

**(૨) જરૂરીયાત મંદ ખેડૂતોને વાછરડા/બળદ આપવા. (વિનામૂલ્યે/નિશ્ચિત મૂલ્યથી)**

- વિનામૂલ્યેઃ-

શહેરની હદથી ૫ કિ.મીથી વધારે દુરના ખાતેદારોને કે જે જમીન ધારણ કરતા હોય, ૭-૧૨, ૮અ માં નામ હોય તેવા કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા-ગૌચર વિભાગ વિગેરે સહકારી વિભાગ બોર્ડના પરિપત્ર મુજબ માન્ય અમલીકરણ એજન્સીઓને/એજન્સી મારફતે જરૂરીયાતમંદ ખેડુતોને વાછડા/બળદ વિગેરે પશુઓ તેઓના સ્વ ખર્ચે પરિવહન કરી સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

- નિશ્ચિત મૂલ્યથીઃ-

રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા- ગૌચર વિભાગ વિગેરે વિભાગો દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સંસ્થાને કેટલ પોન્ડમાંથી આવા પશુઓ લઈ જવાની, તેઓ કહે તે ખેડૂતોને નિયત ચાર્જથી પશુઓ સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

જે અંગેનો નિર્ણય હરાજી માટે (મુદ્દા નં. (C)) ઉપર સુચવ્યા મુજબ બનાવેલ કમિટી દ્વારા કરવાનો રહેશે.

**(૩) પશુઓને પાંજરાપોળ જેવી સંસ્થામાં મોકલવા.**

- જે પશુઓને પશુ માલિકો છોડાવી ને જાય તે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાના રહેશે. જે અંગેનો ખર્ચ સબંધિત નગરપાલીકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કરવાનો રહેશે. જે ઢોરને હરાજીથી આપી શકાય તેવા ઢોરને હરાજીથી આપ્યા બાદ જ બાકી રહેતા ઢોર પાંજરાપોળ જેવી સંસ્થામાં આપવાના રહેશે.

**(૪) રાજ્ય સરકારશ્રી દ્વારા ગૌચરની જમીન ફાળવવામાં આવ્યા બાદ એનિમલ હોસ્ટેલ બનાવી ત્યાં પશુઓને મોકલવા.**

- નગરપાલિકાઓ દ્વારા રાજ્ય સરકારશ્રીની મદદથી શહેરી હદથી દુરના વિસ્તારમાં ગૌચરની જમીન મળશે તે બાદ ત્યાં સરકારના સંબંધિત વિભાગની સહાયથી એનીમલ હોસ્ટેલ શરૂ કરવાનુ આયોજન કરવામાં આવશે. જે અંગે નગરપાલિકા દ્વારા તેની કેપીટલ કોસ્ટ તથા તેના મરામત-નિભાવ અંગેના ખર્ચ માટે રાજ્ય સરકારની સંપૂર્ણ/આંશિક નાણાકીય મદદ મેળવી એનીમલ

હોસ્ટેલ કાર્યરત કરવાની રહેશે. સદર એનિમલ હોસ્ટેલ સંપૂર્ણ સુવિધાયુક્ત, સ્વચ્છ અને આધુનિક ઢબે બનાવવામાં આવશે. નગરપાલિકા દ્વારા ઢોર ડબ્બાના વધારાના ઢોર એનીમલ હોસ્ટેલ ખાતે મોકલી શકાશે. આ અંગેની કાર્ય પદ્ધતિ નગરપાલિકા અભ્યાસ કરી અલગ થી રજુ કરશે. નગરપાલિકા દ્વારા સરકારના સંબધિત વિભાગ સાથે સંકલન કરી ગ્રાંટ મેળવવી તથા અન્ય કામ કરવાના રહેશે. સદર હોસ્ટેલના સંચાલન માટે રાજ્ય સરકારના પશુપાલન કે ગૌ-સેવા વિભાગ સાથે એમ.ઓ.યુ. કરી તેઓ મારફતે જાળવણી/રાખ-રખાવ થાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

## O) એનીમલ હેલ્પલાઇનઃ-

- મહાનગપાલિકાઓ/નગરપાલિકાઓ દ્વારા પશુ માલિકોને મુંજવતા પ્રશ્નો બાબતે, પશુઓના સ્વાસ્થ્ય બાબતે, પશુઓની જાળવણી તથા નિભાવ, રસીકરણ વિગેરે જેવા મુદ્દાઓ અંગે એક એનીમલ હેલ્પ લાઇન ચાલુ કરવામાં આવશે. જ્યા પશુ પાલકોને પુરતુ માર્ગદર્શન આપવામાં આવશે તથા સમયાંતરે IEC એક્ટીવીટી કરવામાં આવશે.

## P) અન્ય મુદ્દાઓઃ-

**મહાનગરપાલિકા**

- પશુ માલિક દ્વારા તેના પશુમાં RFID ચીપ અને ટેગ લગાડેલ છે કે કેમ તે અંગે પશુ વાડામાં જઇ સ્કેનર/રીડર મશીનથી ઢોર પકડતી ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવશે.
- નવા જન્મનાર તથા મૃત્યુ પામનાર પશુની વિગતો પશુ માલિક દ્વારા મહાનગરપાલિકાઓને આપવાની રહેશે. જેથી રીયલ ટાઇમ ડેટા મળી શકશે. આ અંગે જરૂરી રેકર્ડ કીપીંગ તથા અન્ય આનુષાંગિક કામગીરી સી.એન.સી.ડી વિભાગે કરવાની રહેશે.
- ઉપરોક્ત સઘળી કામગીરી નીચે દર્શાવેલ વિવિધ કાયદાઓ/જોગવાઇઓ હેઠળ કરવાની રહેશે.

**નગરપાલિકા**

- પશુ માલિક દ્વારા તેના પશુમાં RFID ચીપ અને ટેગ લગાડેલ છે કે કેમ તે અંગે પશુ વાડામાં જઇ સ્કેનર/રીડર મશીનથી ઢોર પકડતી ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવશે. (અ-વર્ગની નગરપાલિકા માટે)
- નવા જન્મનાર તથા મૃત્યુ પામનાર પશુની વિગતો પશુ માલિક દ્વારા નગરપાલિકાને આપવાની રહેશે. જેથી રીયલ ટાઇમ ડેટા મળી શકશે. આ અંગે જરૂરી રેકર્ડ કીપીંગ તથા અન્ય આનુષાંગિક કામગીરી નગરપાલિકા દ્વારા કરવાની રહેશે.
- ઉપરોક્ત સઘળી કામગીરી નીચે દર્શાવેલ વિવિધ કાયદાઓ/જોગવાઇઓ હેઠળ કરવાની રહેશે.

## Q) સદરહુ માર્ગદર્શિકાનું અસરકારક અમલીકરણ થાય તે હેતુથી સંબંધિત મહાનગરપાલિકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવી આ અંગેની નીતિ પ્રસિદ્ધ કરવાની રહેશે.

## આ અંગેના વિવિધ કાયદાઓ/જોગવાઇઓઃ-

**(૧) ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧**

કલમ ૮૯ - રખડતા ઢોર પોલીસ તાબે લઇ શકે તે અંગે

કલમઃ૯૦ - ઢોર ડબ્બા તથા રખેવાળની નિમણુક અંગે

કલમઃ૯૧ - ઢોરને ડબ્બામાં પુરવા અંગે

કલમ ૯૨ - પરત માંગેલ ઢોર આપવા અંગે

કલમઃ૯૩ - ધણી વગરના ઢોર વેચાણ અંગે

કલમઃ૯૪ - જાહેરનામા દંડના દર નક્કી કરવા અંગે

કલમ ૧૦૦- જાનવરથી અડચણ કે હરકત થવા અંગે

**(૨) ઈન્ડીયન પીનલ કોડ (આઇ.પી.સી.)**

કલમઃ૨૮૯ – પશુઓ અંગે બેદરકારી ભર્યું આચરણ રાખવા અંગે

**(૩) ઢોર અપ પ્રવેશ અધિનિયમ, ૧૮૭૧**

કલમઃ૧૧- જાહેર રસ્તા, નહેરો અને બંધ પાળાને નુકશાન પહોચાડનારા ઢોર બાબતની કાર્યવાહી

કલમઃ૨૫- ઢોરોની પાસે અપ પ્રવેશ કરાવીને કરેલા બગાડ માટેના દંડની વસૂલાત અંગે.

આ સિવાય અન્ય લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અનુસાર જાહેર રોડ/રસ્તા ઉપર રખડતા ઢોરના માલિકો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની રહેશે.

**(૪) ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિ.કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯**

કલમ:૨૨- પશુઓ રાખવા સંબંધિત પ્રતિબંધો

મ્યુનિ. કમિશનરશ્રીની લેખિત પરવાનગી સિવાય શહેરમાં કોઈપણ જગ્યાએ જાનવરો રાખવા પર પ્રતિબંધની જોગવાઈઓ.

કલમ:૨૩- જેટલી સંખ્યામાં પશુઓ રાખવાની છુટ આપેલી હોય તેના કરતા વધારે સંખ્યામાં પશુઓ બાંધવાનો પ્રતિબંધ

કલમ:૨૪- રહેવાના ઘરમાં પશુઓ બાંધવાનો પ્રતિબંધ

કલમ:૨૩૩- સાર્વજનીક રસ્તામાં પશુને બાંધવાનો પ્રતિબંધ

કલમ:૩૩૫- શહેરની અંદર પરવાનગી વગર ઢોર વગેરેની આયાત કરવાનો પ્રતિબંધ

**(૫) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩**

કલમ:૨૩૮- ઢોર અતિક્રમમ અધિનિયમ લાગુ પડતો બંધ થવા બાબત.

કલમ-૨૩૯- ઢોર પૂરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બાવાળાઓને નિમવાની સત્તા.

કલમ-૨૪૦- ઢોરને રસ્તા પર રખડવા દેવા માટે અથવા ખાનગી જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દેવા માટે શિક્ષા.

કલમ-૨૪૧- ઢોર પૂરવા બાબત.

કલમ-૨૪૨- નધણિયાતાં ઢોરોનું વેચાણ કરવા બાબત.

કલમ-૨૪૩- ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નક્કી કરવા બાબત.

કલમ-૨૪૪- બિનકાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા માટેની ફરીયાદ.

કલમ-૨૪૫- ઢોરને ડબ્બામાં પૂરવા સંબંધમાં તારણ.

**(૬) અન્ય જોગવાઈઓ:-**

ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ, ૧૯૬૦, પબ્લીક હેલ્થ બાયલોઝ, રાજ્ય સરકારની સુચના- પરિપત્રો, રોડ સેફ્ટી કમિટી ભલામણો.

જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ની કલમ-૩૭૬ માં થયેલ જોગવાઈઓ, લાયસન્સ - પરમીટ મેળવવા માટેની શરતો તથા નિયત

અરજી પત્રક જેવા પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

- ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ના શીડ્યુલ ચેપ્ટર-૧૪ રૂલ ૨૨ મુજબ કોઈપણ પશુ માલિકે શહેરમાં પશુ રાખવા માટે પરમીટ મેળવવી ફરજીયાત રહેશે. પરમીટ મેળવ્યા સિવાય તે શહેરમાં પશુ રાખી શકશે નહિ.
- ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૩૭૬ મુજબ પશુ રાખવાનો, વેચવાનો દુધ વેચાવાનો કે અન્ય હેતુસર, વગેરે વ્યવસાય અથવા પ્રવૃત્તિ શહેરમાં લાયસન્સ મેળવીને કરવાની રહેશે. તે સિવાય પ્રવૃત્તિ કરી શકાશે નહી.
- લાયસન્સ/પરમીટ વાળી જગ્યા ઉપર દુધાળા પશુ રાખવા માટે જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૩૭૬(૧) મુજબ અલાયદુ લાયસન્સ લેવાનુ ફરજીયાત રહેશે.
- પશુ માલિક/ પશુ ધારકે જાહેરનામુ પ્રસિદ્ધ થયેથી શહેરમાં પશુ રાખવા માટે પરમીટ, લાયસન્સ, દુધાળા પશુ રાખવાનુ લાયસન્સ ૯૦ દિવસમાં મેળવવાનું રહેશે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫ અને કલમ-૨૭૭ માં થયેલ જોગવાઈઓ, લાયસન્સ પરમીટ મેળવવા માટેની શરતો તથા નિયત અરજી પત્રક જેવા પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫ અને કલમ-૨૭૭ મુજબ કોઈપણ પશુ માલકે શહેરમાં પશુ રાખવા માટે પરમીટ મેળવવી ફરજીયાત રહેશે. પરમીટ મેળવ્યા સિવાય તે શહેરમાં પશુ રાખી શકશે નહિ. (અ-વર્ગની નગરપાલિકા માટે)
- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫ અને કલમ-૨૭૭ મુજબ પશુ રાખવાનો, વેચવાનો દુધ વેચાવાનો કે અન્ય હેતુસર, વગેરે વ્યવસાય અથવા પ્રવૃત્તિ શહેરમાં લાયસન્સ મેળવીને કરવાની રહેશે. તે સિવાય પ્રવૃત્તિ કરી શકાશે નહી.
- લાયસન્સ/પરમીટ વાળી જગ્યા ઉપર દુધાળા પશુ રાખવા માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫ અને કલમ-૨૭૭ મુજબ અલાયદુ લાયસન્સ લેવાનુ ફરજીયાત રહેશે.
- પશુ માલિક/ પશુ ધારકે જાહેરનામુ પ્રસિદ્ધ થયેથી શહેરમાં પશુ રાખવા માટે પરમીટ, લાયસન્સ દુધાળા પશુ રાખવાનુ લાયસન્સ ૯૦ દિવસમાં મેળવવાનું રહેશે.

પરિશિષ્ટ ૧ થી ૫ માં આ અંગે વિસ્તૃત નોંધ મુકેલી છે જે ધ્યાને લેવાના રહેશે.

શહેરમાં રખડતા પશુ નિયતંત્રની કામગીરીમાં શહેરમાં રહેતા પશુઓની ફરજીયાત નોંધણી કરાવે, પશુની તથા પશુ માલિકની નોંધણી કરાવી પશુનું ટેગીંગ કરાવે તથા પશુઓ રાખવા માટે જગાની જોગવાઈ થાય તથા લાયસન્સ/પરમીટની વ્યવસ્થા ગોઠવાય, જાહેરમાં ઘાસચારો ન વેચાય તેવી વ્યવસ્થા ગોઠવાય અને પશુ માલિકો પોતાના પશુઓ રખડતા ન મૂકે તે બાબતે વિવિધ જાહેરનામાની ચુસ્ત અમલવારી થાય, નાગરિકોને અડચણ ન થાય તેવી સર્વગ્રાહી વિવિધ દિશામાં સંકલિત કામગીરી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા નવી પશુ ત્રાસ નિયંત્રણ પોલિસીની જરૂરિયાત રહે છે. જેના મુદ્દાઓ ઉપર દર્શાવ્યા મુજબ છે.

સદર માર્ગદર્શિકાની અમલવારી વ્યવસ્થિત રીતે થાય, શહેરીજનોને રખડતા ઢોરથી કોઈ તકલીફ ન થાય તે માટે જરૂરી જાહેરનામાં પ્રસિદ્ધ કરવા તથા તેને આનુષાંગિક અગત્યની તમામ કાર્યવાહી કરવાની સત્તા સબંધિત મ્યુનિસિપલ કમિશનશ્રી/નગરપાલિકાની રહેશે. તથા કાયદાકીય કાર્યક્ષેત્ર મહાનગપાલિકા/નગરપાલિકા વિસ્તાર રહેશે.

## <u>પરિશિષ્ટ-૧</u>

### <u>મહાનગરપાલિકાઓ/અ-વર્ગની નગરપાલિકાઓમાં પશુઓ રાખવા લાયસન્સ પરમીટ મેળવવા માટેની શરતો અને બોલીઓની શરતો દર્શાવતુ પત્રક</u>

૧. શહેરમાં વસતા પશુપાલકોએ ચોપગા પશુઓ રાખવા માટેની પરવાનગી પરમીટ લેવાની રહેશે.

૨. આ પરમીટ ચાલુ હોય તે દરમ્યાન જે ઉપયોગ માટે આ જાનવરો રાખવામાં આવ્યા હોય તેની હકીકત પરમીટ આપનાર અધિકારી અથવા તેમના તરફથી જવાબદાર વ્યક્તિ જ્યારે માંગે ત્યારે રજુ કરવી પડશે.

૩. જે શખ્સના નામે પરમીટ આપી હોય તે જ શખ્ય જગ્યાનો ઉપયોગ પશુ રાખવા માટે કરી શકશે. ઢોરના માલિકનો અથવા જગ્યાના માલિકની કોઈપણ ફેરબદલી થાય તો તે જગ્યાએ બીજા માલિકને ઢોર રાખવા માટે નવેસરથી પરમીટ મેળવવી પડશે તથા મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે.

૪. પરમીટ લાયસન્સ વાળી જગ્યા ઉપર દિવસ અથવા રાત્રે જેટલી સંખ્યામાં પશુઓ રાખવાની પરમીટમાં છુટ આપેલ હોય તેટલાજ પશુઓ રાખી શકાશે. તેના કરતા વધારે સંખ્યામાં જાનવરો રાખી શકાશે નહીં.

૫. પશુ માલિકો પાસે પરમીટ લાયસન્સ હોવા છતા કોઈપણ ઈમારત અથવા તેનો કોઈપણ ભાગ માનવ વસવાટ માટે વપરાતો હોય અથવા વાપરવાનો ઈરાદો હોય તે રહેવાના ઘરમાં પશુઓ રાખી બાંધી શકાશે નહીં.

૬. પાસ રાખવા માટે ઢોર રાખવાની જગ્યા ઉપરાંત વધારાની અલગ જગ્યા મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકાના પરમીટ લાયસન્સ આપનાર અધિકારી સૂચવે તે મુજબની રાખવી પડશે.

૭. પરમીટ લાયસન્સ વાળી જગ્યાએ ધોવા માટે તેમજ જાનવરોને માટે પાણીના જથ્થા સંગ્રહની પુરતી વ્યવસ્થા રાખવી પડશે.

૮. પરમીટ લાયસન્સ ધરાવનારને ઢોરોનો કચરો, છાણ એકત્ર કરવા માટે ઢાંકણ સહિત ઢોર રાખવાની જગ્યાની નજીકમાં રાખવાનું રહેશે. દૈનિક બે વખત સાફ સફાઇ રાખવી પડશે. પરમીટ લાયસન્સ આપનાર અધિકારી સૂચવે તે જગ્યાએ છાણ કચરો વિગેરેનો નિકાલ કરવો પડશે. પરમીટ વાળી જગ્યાની ગટરમાં છાણ વહેવડાવી શકાશે નહીં.

૯. પરમીટ/લાયસન્સ ધરાવનાર કોઇપણ માલિકના જાનવરને જાહેર રસ્તા, ફુટપાથ, કોમન અવર-જવરની જગ્યા વિગેરેમાં પરમીટ લાયસન્સ વાળી જગ્યા બહાર રાખશે અગર બાંધશે, અગર ઢોરોને રખડતા ભટકતા રાખશે તો તેની પરમીટ લાયસન્સ રદ્દ કરવામાં આવશે.

૧૦. પરમીટ/લાયસન્સની જગ્યા ઉપર પુરતા પ્રમાણમાં હવા ઉજાસ તેમજ સૂર્ય પ્રકાશ પડે તેવી વ્યવસ્થા રાખવી પડશે.

૧૧. જે પરમીટ લાયસન્સ વાળી જગ્યા ઉપર દુધાળા ઢોર રાખવાના હશે તો ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ની કલમ-૩૭૬(૧)/ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૫ અને કલમ-૨૭૭ મુજબ અલાયદું લાયસન્સ લેવાનુ ફરજીયાત રહેશે.

૧૨. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ પરમીટ વાળી જગ્યાએ ઢોર રાખવા માટે ભોંયતળીયાથી છત સુધીની યોગ્ય ઉંચાઇની જરૂરી જગ્યા રાખવી પડશે.

૧૩. પરમીટ/લાયસન્સ ધરાવનારનું કોઇપણ જાનવર ચેપી રોગથી પીડીત હશે તો તેની વેટેનરીયન પાસે સારવાર કરાવી તે બાબતની જાણ મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકાના અધિકારીને ૨૪ કલાકમાં આપવી પડશે અને સદરહુ ઢોર આ જગ્યાએથી ખસેડવા માટે તાકીદે પગલા લેવા પડશે. (સેગ્રીગેશન ઓફ સીક એનીમલ ફ્રોમ હેલ્ધી વન્સ)

૧૪. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ દ્વારા તેમના તાબા હેઠળના રાખવામાં આવેલ પરમીટ મુજબ તમામ ઢોરોમાં ઋતુ(સિઝન) પ્રમાણે પશુઓમાં થતા રોગચાળા હટાવવા માટે પશુ રોગ વિરોધી તમામ રસીકરણ સમયાંતરે કરાવવાનું રહેશે.

૧૫. પરમીટ/લાયસન્સ વાળી જગ્યાનો કોઇપણ ભાગ માનવજાત મનુષ્યને સુવા માટે વાપરી શકાશે નહી અથવા તેના રહેણાંક તરીકે ઉપયોગ કરવો હીતાવહ નથી.

૧૬. પરમીટ/લાયસન્સ ધરાવનારે પરમીટ વાળી જગ્યા ઉપર લાઇટ, પાણી, ગટર અથવા ગટરના સાધનો ને ચાલુ સ્થિતીમાં રાખવા પડશે.

૧૭. પરમીટ/લાયસન્સ વાળી જગ્યાની સીલીંગ તથા દિવાલો પરમીટ આપનાર અધિકારીને જરૂરી જણાય તો વધુ વખત સમગ્ર જગ્યાને ધોવડાવી ડિસઇન્ફેક્શન કરી, રંગરોગાન (ચૂનો) દર વર્ષે કરવાનો રહેશે.

૧૮. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ પરમીટ વાળી જગ્યામાં રાખવામાં આવેલ ઢોર તથા જગ્યાની તપાસ કરવા પરમીટ/લાયસન્સ આપનાર અધિકારી અથવા તેમના તરફથી સત્તા આપવામાં આવેલ અધિકારીને કે અન્ય સરકારી અધિકારીને તપાસ કરવા દેવા સંપૂર્ણ અને સહકાર આપશે.

૧૯. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સને તેમના તબેલા માટે મેળવેલ પરમીટ અને લાયસન્સને ફ્રેમમાં જડી તપાસ કરનાર અધિકારીને સ્પષ્ટ રીતે દેખાય તે રીતે લટકાવવાનું રહેશે.

૨૦. પરમીટ/લાયસન્સ ધરાવનારે,પરમીટ આપનાર અધિકારી સૂચવે તે મુજબ પશુઓ તથા પશુ માલિકની નોંધણી તથા ઢોર માલિકની ઓળખ તથાઢોરના ઓળખ માટે ઓળખનુ પત્ર આઇડેન્ટીફીકેશન માર્કીંગ ઇયર ટેગીંગ, RFID ચીપ વિગેરે તુટફુટ કે નુકશાન ના થાય તે રીતે અને તે કાયમ સારી હાલતમાં જાળવવું પડશે.

૨૧. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ તેમની ગાયો, ભેંસો વિગેરેને જાહેર રસ્તા, ફુટપાથ શેરીઓમાં અવર જવરની કોમન જગ્યામાં ઉભા રાખી અથવા બાંધી દુધ દોહી શકશે નહી અને જો કોઇ પરમીટ/લાયસન્સ ધરાવનાર આવુ કૃત્ય કરતા તપાસ અધિકારીના ધ્યાન પર આવશે તો તેના જાનવરો પકડી પાડી ઢોર ડબ્બા ખાતે મોકલાવી પરમીટ લાયસન્સ રદ્દ કરી, ઢોર માલિક સામે વિવિધ કાયદાકીય જોગવાઇ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

૨૨. નાના જાનવારોમાં ઘેટાં, બકરા, શ્વાન, ડુક્કર તથા મોટા જનવરોમાં ગાય, ભેંસ, બળદ, પાડા, પાડી, વાછડા, વાછડી, ઘોડા, ગધેડા, ખચ્ચર, ટટ્ટુ, ઉંટ, હાથી વિગેરેનો સમાવેશ થાય છે.

૨૩. મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પશુપાલકોના કબજા હેઠળના જાનવરો માટે જાનવર દીઠ રૂા.૨૦૦/- રજીસ્ટ્રેશન ફી વસૂલ કરી પશુ રાખવા માટેની તેઓની જગ્યાના આધાર પુરાવા મુજબ તપાસી જગ્યાની જોગવાઇના આધારે ધારાધોરણ મુજબ પશુ રાખવાના રહેશે. પશુ માલિક તથા પશુઓની નોંધણી કરાવી RFID તથા વિઝ્યુઅલ

Signature valid
Signed by:B S Mistry
Deputy Secretary
Date: 2023.08.21
17:01:09 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ટેગ દ્વારા જાનવરો માટે નિયત જગ્યાની જોગવાઇનો પ્રમાણમાં પશુઓનું કાયમી રજીસ્ટ્રેશન કરવું તથા તે સિવાયનાં જાનવરોનું કરી RFID તથા વિઝ્યુઅલ ટેગ દ્વારા કામચલાઉ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨૪. મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકાદ્વારા જાહેર થાય ત્યારથી જે પશુ માલિકો પાસે પશુ રાખવાની જગા નથી તે તમામ પશુ પાલકોને પોતાના આવા કામ ચલાઉ રજીસ્ટ્રેશન વાળા જાનવરો માટે નિયત સમય મર્યાદામાં શહેર હદ વિસ્તારમાંથી દુર અન્યત્ર ખસેડી લેવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા પશુ પાલક/ પશુ માલિકે દિન-૬૦માં સ્વખર્ચે પશુઓને દુર કરી મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકાને જાણ કરવાની રહેશે.

૨૫. જો તેઓ દ્વારા આવા પશુઓ દુર કરવામાં નહિ આવેતો સમય મર્યાદા પૂર્ણ થયેથી આવા પશુઓને પકડીને કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે.

૨૬. મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ પશુપાલકોના કબ્જા હેઠળના જાનવરોને પોતાની જગ્યામાં નિભાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૨૭. શહેરમાં પશુ રાખવા સંબધી વિવિધ પ્રકારના તમામ સરકારી ધારા-ધોરણો, કાયદાની જોગવાઇઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી ના જાહેરનામા, હુકમોનુ પાલન કરવાનુ રહેશે.

૨૮. ઢોરવાડા/ પશુવાડા બાબતે સદર ઢોરવાડા/પશુવાડાની આજુબાજુ વસવાટ કરતા નાગરીકોને કોઇપણ પ્રકારે જોખમ/ ન્યુસન્સ/ ત્રાસ પેદા થશે નહિ ખાસ કાળજી રાખવાની રહેશે. સદર ઢોરવાડા/ પશુવાડા થકી કોઇપણ પ્રકારે જો કોઇ જોખમ કે ત્રાસ અંગે રજુઆત આવશે તો તાત્કાલીક તે દુર કરવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ નિવડે તો સદર ઢોરવાડા/ પશુવાડાનો પરમીટ/ લાયસન્સ રદ્દ કરવામાં આવશે.

૨૯. પરવાનો ધરાવનાર કોઇપણ જાનવરને પરવાના વાળી જગ્યાની બહાર રાખશે અગર બાંધશે અગર ઢોરને રખડતા રાખશે તો તેનો પરવાનો રદ કરવામાં આવશે.

૩૦. પરવાનામાં દર્શાવેલ/ મંજુર કરેલ ઢોરની સંખ્યા પ્રમાણે તમામ ઢોરને મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકા નિયત કરે તે ઓળખની નિશાની પહેરાવવાની કે લગાડવાની રહેશે. તથા હંમેશા નિભાવવાની કે જાળવવાની રહેશે. પરવાનો આપનાર અધિકારી સૂચવે તે મુજબ પરવાનો ધરાવનારે ઢોરની ઓળખ માટે ઢોર ઉપર ઓળખ પત્ર (આઈડૅન્ટીફીકેશન) લગાવવું પડશે અને તે કાયમ સારી હાલતમાં જાળવવાનું રહેશે.

૩૧. મહાનગરપાલિકા/અ-વર્ગની નગરપાલિકા વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે અથવા રોગચાળો ફાટવાની સંભાવના હોય તેવાસંજોગોમાં સદર પરવાનો રદ્દ કરવાનો અબાધિત અધિકાર પરવાનો આપનાર અધિકારીને રહેશે.

૩૨. પરવાનો/ પરમીટ/ લાયસન્સ અંગે ઉપર જણાવેલ શરતો અને બોલીઓ ઉપરાંત સક્ષમ સત્તા દ્વારા સમયાંતરે થતાફેરફારને પાલન કરવાના રહેશે.

૩૩. ઉપરોક્ત જણાવેલ કોઇપણ શરતનો ભંગ થવાના પ્રસંગે પરવાનો પરમીટ/ લાયસન્સ રદ કરવામાં આવશે.

## ...................... મહાનગરપાલિકા/ ............. નગરપાલિકા

## પરિશિષ્ટ – ૨

**તબેલા/ચોપગા જાનવરો રાખવા લાયસન્સ/ પરમીટ મેળવવા માટેનું અરજી પત્રક**

૧. અરજદારનું નામ :-........................................................

૨. પિતા પતિનું નામ :-........................................................

૩. પ્રતિ :-...............................................................................

૪. ધંધો :-.................................................................................

૫. મોબાઈલ નં. :-...............................................................

૬. ઢોરના તબેલાનું સ્થળ / સ્થાન :-...................................

(૧) ..........................................................................................................

૭. ઢોર રાખવાની જગ્યા પાકી છે કે નહી (હા/ના) :-.................................

૮. ઢોર રાખવાની જગ્યા જમીનથી છત/ છાપરાની ઉંચાઇ (ફુટમાં દર્શાવવી) (હા/ના) :-.....

૯. સદરહુ જગ્યામાં હવા ઉજાસની પુરતી વ્યવસ્થા છે કે નહી :-.................................

૧૦. ઢોર રાખવાની જગ્યાની દિવાલ ભોંયતળીયાથી ત્રણ ફુટ ઉંચાઈ સુધી પાકી છે કે નહી :-...

૧૧. ઢોર રાખવાની જગ્યામાં મહાનગરપાલિકા/નગરપાલિકાનું નળ/ ગટરનું જોડાણ છે કે નહી (હા/ના) :-..................

૧૨. ઢોરની સંખ્યા (જેનું લાયસન્સ પરમીટ મેળવવા અરજી કરેલ છે) :-............

૧૩. ઢોરોને રાખવાની પુરતી જગ્યા છે કે કેમ (હા/ના) :-........................

૧૪. ઢોરોનો ઉપયોગ વ્યકિતગત ધોરણે/ વ્યવસાયીક ધોરણે :-.................

૧૫. અગાઉ કોઇ નોંધણી કરાવેલ છે કે નહી (હા/ના) :-........................

૧૬. જો હોય તો ઓળખ નંબર :-...................................... ............

હું ખાતરી પૂર્વક જણાવું છું કે, મેં જે ઢોરો રાખવા અંગે જરૂરી પરવાનો મેળવવા અરજી કરેલ છે તેમાં જણાવેલ તમામ ઢોરો મારી પોતાની માલિકીના છે. તથા આ સાથે સામેલ શરતોનું પાલન કરવાની હું બાંહેધરી આપુ છું.

અરજદારની સહી

તારીખ :-

---

કચેરીના ઉપયોગ માટે

| | Checked By | Verified by | Approved by |
|---|---|---|---|
| Emp. No. | | | |
| Emp. Name | | | |
| Designation | | | |

| | |
|---|---|
| લાઇસન્સ/ પરમીટ નં. | |
| સમયગાળો | |

**............મહાનગરપાલિકા / ............નગરપાલિકા**

**પરિશિષ્ટ-૩**

ધી ગુજરાત પ્રોવિન્સીપલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ના ચેપ્ટર-૧૪ના રૂલ-૨૨(૧)/ગુજરાત નગરપાલિકા

અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૩૮ થી ૨૪૫ અને કલમ-૨૭૫ અને ૨૭૭ મુજબ ચોપગા જાનવરો રાખવા માટેની લાયસન્સ/પરમીટ નંબર ................ વર્ષ ૨૦....... થી પશુપાલક નામ..........................................................................................સરનામું ........................................................................................................................ મોબાઈલ નંબર ..................................................... વોર્ડ નંબર ......................................... જગ્યાનો રેવન્યુ સર્વે નંબર .......................................... માં જાનવરો જાત .............................. સંખ્યા ............................... રાખવા અંગેના લાયસન્સ / પરમીટ ત્રણ વર્ષ માટે તા.................... થી તા.............................. સુધીની મુદ્દત માટે નિયત શરતોને આધિન રહી આપવામાં આવે છે.

લાયસન્સ / પરમીટ

આપનારની સહી.

લાયસન્સ/ પરમીટ તાજુ કર્યા હોવાની વિગત

| અ.નં. | લાયસન્સ / પરમીટ રીન્યુ કર્યાની તારીખ / નંબર | લાયસન્સ / પરમીટ પુરી થયાની તારીખ | લાયસન્સ/ પરમીટ આપનાર અધિકારીની સહી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

## <u>પરિશિષ્ટ-૪</u>

## <u>નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનો / અવલોકનો:-</u>

- The heads of administrative wing and wing elected wing of Corporation its officers and theofficer of the State government and the officers of Concerned department of State government shell be personally responsible for the same even for Criminal and/or civil Contempt.
- Constitute for Criminal level Committee.
- Fine may increase 200% for, deterrent effect against owner. So owners not the same again.
- Same Cattle attached again, amount of fine increased.
- Registration of cattle & owner be made Compulsory.
- Now, so far as the stray cattle menace and the problem of cattle on public road is concerned, the directions issued by the Division Bench of this Court in the case of Sharda Sahkari Gruh Mandali Ltd. And Ors: V. Ahmedabad Municipal Corporation And Ors (Supra) and the earlier directions referred to in said decision shall be fully and truly implemented. All efforts shall be made by the Corporation and the state Government to remove cattle from public roads because stray cattle on the road are not only hindering the smooth and safe movement of traffic but are hygienic problems also.
- Municipal Corporation shall relocate stray cattle from the road to Gaushalas or instructions made for providing shelter to stray cattle.
- The cattle located in the city shall have a tag number tied around necks and the tag number should be indicative of the name and address of the person to whom the animal belongs so that there will be no

difficulty in tracing their owners.

- This direction shall be carried out by the person(s) owning the cattle. The enforcement of this condition shall be made by the civic authorities.
- Prosecution should be launched under the various penal provisions against the owners of such cattle which are found on streets and roads unattended.
- The Municipal Corporation shall employ sufficient number of persons to catch stray cattle and animals found on roads and streets. Once they are caught, they shall be impounded and may be released to owners on payment of fine and subject to other directions mentioned herein.
- The state Government shall assist the Municipal Corporation, Ahmedabad in securing the implementation of the aforesaid directions. This may include financial assistance which would be required by the Municipal Corporation of Ahmedabad to carry out the directions contained in this order effectively.
- As observed in the earlier order, the state Government to find out a permanent solution of cattle menace, may be by enacting appropriate law on the lines of State of Maharashtra. Therefore, the state Government may consider the same.

તા.૨૪/૦૮/૨૦૨૨ના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલઓર્ડરના પેરા નં.(૬)

(6) "No doubt, same steps have been proposed by the State as well as Ahmedabad Municipal Corporation as noted hereinabove, we are perforced to remind the authorities about the powers vested under the Commissioner of Municipal Corporation with regard to tethering of animals found in the public road or public street namely section-233 and it reads :

"233 Prohibition of tethering of animals in public streets –

1. No person shall tether any animal or cause or permit the same to be tethered by any member of his family court household, in any public street.
2. Any animal tethered as aforesaid may be removed by the Commissioner, or by any municipal officer or servant, and made over to a police officer, or may be removed by a police officer, who shall deal therewith as with an animal founds straying"

તા.૧૫/૦૯/૨૦૨૨ ના નામ.ગુજરાત હાઈકોર્ટના ઓરલ ઓર્ડરના પેરા નં.(૩)

(3) It's in teeth of these direction issued, several orders have been passed in this write petition which has been clubbed along with the contempt application filed in Misc. Civil Application No. 979 of 2019 for alleged disobedience of judgment dated 11.052018 passed in writ petition (PIL) No.170 of 2017.

Pursuant to the direction issued by this Court on 05.09.2022 the Under Secretary, Urban Development and Urban Housing Department, Government of Gujarat has filed affidavit proposing short term and long-term plans which the state proposed to take up. It is further stated a budgetary allocation of Rs.10 crores is made with the object of undertaking the measures and action plan as enumerated there under,

Namely: -

1. For the purpose of establishing panjarapoles and for construction of the cattle pounds;
2. For the development of application for the issuance of license and inspection:
3. To Link the application with E-Nagar Portal;
4. For installation of machines for tagging the animals;
5. For hiring and maintaining the staff kept for the date entry of license issued;
6. For the construction and/or maintenance of the temporary cattle sheds where the cattle which are impounded are kept;
7. For Construction and/or maintenance of permanent sheds for the impounded cattle and for their grazing;
8. For Construction and maintenance of crematorium for dead animals.
9. For Construction and maintenance of plan for utilizing the remains of dead cattle;
10. For the instruments and vehicles for impounding the cattle;
11. For the aforesaid purposes and usages preliminary expenditure of Rs.20 Lacs has to be incurred by the

concerned Nagarpalikas."

## પરિશિષ્ટ-(૫)

## ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ની કલમ – કલમ - ૩૭૬ – એ માં થયેલ જોગવાઈઓ:-

II. Trade Licensees and other licenses for Keeping animals and certain articles.

376. Certain things not to be kept, and certain traders and operations not be carried on, without license. (1) Expect under and in conformity with the terms and conditions of license granted by the Commissioner, no person shall.

(a) Keep in or upon any premises any article specified in the rules-

(i) in any quantity or in excess of the quantity specified in the rules as the maximum quantity of such article which may one – time be kept in or upon the same premises without a license, and

(ii) For any purpose whatever or for sale or for other than domestic use as may be specified in the case of each article in the rules;

(b) Keep in or upon any building intended for or used as a dwelling or within fifteen feet of such building, cotton in pressed bales of boras or loose, in quaintly exceeding four hundred – weigh;

(c) Keep allow to be kept, in or upon any premises, horses, cattle or other four-footed animals.

(i) For sale,

(ii) For letting out on hire,

(iii) For any purpose for which any charge is made or any remuneration is received or

(iv) For sale of any produce thereof;

(d) Carry on, or allow to be carried on, in or upon any premises-

(i) any of the trades or operations connected with any trade specified in the rules,

(ii) any trade of operation which in the opinion of the Commissioner is dangerous to life or health to property, or likely to create a nuisance either from its nature, or by reason of the manner in which, or the conditions under which, the same is, or is proposed to be carried on.

(e) Carrey on within the city, or use any premises for, the trade or operation of farrier.

376 A. Power to stop use of premises where such use is dangerous or causes nuisance: -

Wherever the Commissioner is of opinion that the use of any premise for any of the purposes specified in sub- section (1) of section 376 is dangerous to life, health or property or is causing a nuisance either from its nature or by reason of the manner in which or the conditions under which the is made and such danger or nuisance should be immediately stopped the Commissioner may notwithstanding anything contained in section 376 require the owner occupier of the premises to stop such danger or nuisance within such time specified in such requisition as the Commissioner considers reasonable, and in the event of the failure of the owner or officer subordinate to him cause to be stopped.